મહત્તમ : ૨૪.૬ ડીગ્રી
લઘુતમ : ૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૦ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૪માં એસબીઆઈના એટીએમને તોડીને ચોરી કરવાનો પ્રયાસ

એટીએમ તોડવામાં સફળતા ન મળતા ચોર ખિજાયો ને મશીનના કોસ્મેટિક ડોર તથા ચેસ્ટ ડોરનું હેન્ડલ અને પ્રેજન્ટર તોડી નાખ્યુ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં ચોરોએ વધુ એક એટીએમ મશીનને ટાર્ગેટ કરીને તેમાંથી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અગાઉ આ પ્રકારના ઘણા કિસ્સાઓ બની ચુક્યા છે અને કેટલાક કિસ્સામાં તો એટીએમની કેશ ચોરીને લઈ જવામાં ચોરોને સફળતા પણ મળી ચૂકી છે. જો કે એટીએમ મશીનના હાઈ સિક્યોર મિકેનિઝમને પગલે મોટા ભાગના કિસ્સાઓમાં ચોરો આ પ્રકારની ચોરીમાં નિષ્ફળ રહેતા હોય છે. ગઈ રાત્રિ દરમિયાન શહેરના સેક્ટર-૨૪ ખાતે આવી જ એક ઘટના બનવા પામી હતી. ચોરોએ એસબીઆઈના એટીએમ મશીન ને ટાર્ગેટ કરી અંદરથી કેશ ચોરી કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ એટીએમ તોડવામાં સફળતા ન મળતા ચોરો ખિજાઈ ગયા હતા અને એટીએમ મશીનના કોસ્મેટિક ડોર તથા ચેસ્ટ ડોરના હેન્ડલ અને પ્રેજન્ટરને તોડી નાખી ત્યાંથી ચાલતી પકડી હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર પ્રકરણ અંગે એટીએમ મશીનોમાં કેશલોડ કરતી એજન્સીના કર્મચારી દ્વારા સે-૨૧ પોલીસ મથકમાં અજાણ્યા ચોરો સામે ચોરીનો પ્રયાસ અને એટીએમમાં તોડફોડ કરી રૂ.૬૦ હજારનું નુકશાન કર્યું હોવા અંગેની ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સરકારી બેંકોના એટીએમ મશીનો મુકવા ઉપરાંત આ મશીનના મેન્ટેનન્સ સહિત કેસ લોડ કરતી એજન્સી ટ્રાન્જેક્શન સોલ્યુશન ઈન્ટરનેશનલ પ્રાઈવેટ

લિમિટેડ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ અર્જુનસિંહ અટોદરિયાએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. ૧૭ ડિસેમ્બરે સાંજે ૭ વાગે આ કંપનીના કર્મચારી જયેશભાઈએ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ શ્રીનગર હાઉસિંગ ખાતે આવેલા એસબીઆઈના એટીએમમાં કેશ લોડ કરી હતી. ત્યાર બાદ ગઈકાલે ૧૮ ડિસેમ્બરે સાંજે સાડા છ વાગ્યે આ કંપનીના ડીસ્ટ્રીક એજ્યુકેટીવ તરીકે કામ કરતા નિમેષ કઠવાડિયાનો ફોન મેનેજર નરેન્દ્રસિંહ ઉપર ગયો હતો. નિમેષભાઈએ મેનેજરને જણાવ્યું હતું કે સેક્ટર-૨૪ના શ્રીનગર હાઉસિંગમાં આવેલા એસબીઆઈના એટીએમમાં સર્વિસ અર્થે સાંજે સાડા પાંચ વાગ્યે લોજિક એસ કંપનીના કર્મચારી જયેશભાઈ ગયા હતા અને તેમણે જોયું હતું કે આ એટીએમનો કોસ્મેટિક ડોર ખુલ્લો હતો. તે ઉપરાંત આ એટીએમનું સેફ ડોરનુ હેન્ડલ પણ તૂટેલી હાલતમાં હતું અને તેના પ્રેજન્ટરને પણ નુકશાન કરી કેશ ઉપાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ આ એટીએમ મશીનના કેશ ડોર ન ખુલતા કોઈ ચોરો એટીએમમાં તોડફોડ કરી નુકસાન કરીને ભાગી ગયા હતા. મેનેજર નરેન્દ્રસિંહને આ બાબતની જાણ થતા તેમણે સેક્ટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો અને એટીએમ મશીનમાં ચોરીનો પ્રયાસ કરીને મશીનમાં તોડફોડ કરી નુકસાન કરવા મામલે ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજ મેળવી ગુનાની તપાસ આરંભી છે.

રાજયની યુનિવર્સિટીના તજજ્ઞોની કેએસવી સહિત ગુજરાતના સીએમ સાથે મુલાકાત

ગાંધીનગર, તા. ૧૯

રાજયની ૧૧ યુનિવર્સિટીઓના વિવિધ વિભાગોના ૩૦ તજજ્ઞો, બ્રિટીશ હાઈ કમિશ્નર જેફવેન, જીટીઈટીના શીતલ નાગોરીએ કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરની મુલાકાત લીધી હતી. વિવિધ વિભાગોના તજજ્ઞોએ યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી.

તેઓ શિક્ષણ સિવાયની અન્ય પ્રવૃત્તિઓથી પણ માહિતગાર થયાં હતાં. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, સમાજને સમૃદ્ધ બનાવો હશે તો શિક્ષણ આવશ્યક છે. સામાજિક જવાબદારી છે. 'કર ભલા હોગા ભલા'ના સૂત્ર સાર્થક કરે છે. જેને સંસ્થાના ટ્રસ્ટી મંડળ, સહિત તમામ કર્મચારીઓ પૂર્ણ કરવાના પ્રયાસો અવિરત કરી રહ્યાં છે.

રાજયની ૧૧ યુનિવર્સિટીઓમાંથી આવેલા તજજ્ઞોએ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. મંત્રીઓ સાથેની મુલાકાતમાં લંડન(યુકે) ખાતે ૧૦ દિવસનો એક સેમિનાર યોજાયો હતો. જેમાં શિક્ષણ સહિતના વિવિધ પાસાંઓ પર ચર્ચા-વિમર્શ કરવામાં આવ્યું હતું. જેના તારણોને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે ચર્ચામાં લેવાયા હતા. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલની આગેવાની સાથે થયેલી મુલાકાતને મુખ્યમંત્રીએ બિરદાવી હતી.

આ સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલયની કામગીરીથી પરિચીત મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીએ યુનિવર્સિટીને શુભેચ્છા પાઠવી હતી. આ સાથે રીસર્ચ અને શિક્ષણમાં સમાજના વિવિધ વિષયોને આવરી લેતાં વિષયો પર પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

બ્રિટીશ હાઈ કમિશ્નર જેફવેન, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ, જીટીઈટીના શીતલ નાગોરી, ગુજરાત યુનિવર્સિટીના સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ડાયરેકટર ડો. જગદીશ જોશી સહિત રાજયની ૧૧ યુનિવર્સિટીઓના વિવિધ વિભાગોના ૩૦ તજજ્ઞો ઉપસ્થિત રહ્યાં હતા.

આર્ષ' દ્વારા "પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ" વિષય પર પ્રવચન યોજાશે

આજે દુનિયામાં વિવિધ અભ્યાસ દ્વારા યુવાવર્ગમાંથી હજારો ડૉકટર, એન્જિનિયર, વકીલ, એકાઉન્ટન્ટ વગેરે મળે છે પરંતુ સારા માણસો બહુ ઓછા મળે છે. સારા માણસોમાં પણ અહંભાવશૂન્ય, આસક્તિરહિત કર્મ કરનાર, સ્થિતપ્રજ્ઞ મળવા અતિદુર્લભ છે. ભગવાન સ્વામિનારાયણ આવા મહાપુરુષો માટે સાધુ શબ્દ વાપરીને કહે છે કે સાધુ થકી બીજી કોઈ મોટી પદવી નથી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી પ્ર. બ્ર. મહંતસ્વામી મહારાજ ૮૫ વર્ષની જૈફ ઉંમરે પણ લોકહિત, સંસ્કાર સિંચન અને આધ્યાત્મિક પ્રેરણાઓ આપવા સ્વાસ્થ્યની પરવા કર્યા સિવાય ઉપનિષદ્ કથિત પરિવ્રાજકની જેમ આખી દુનિયામાં વિચરણ કરી રહ્યા છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના જીવન અને કાર્યોના પરિચય માટે આર્ષ શોધસંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર દ્વારા આર્ષ પ્રવચનમાળા અંતર્ગત તા.૨૨/૧૨/૨૦૧૮ને શનિવારે સાંજે ૪-૩૦ થી ૭-૦૦ કલાક દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ખાતે "પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ" વિષય પર પ્રવચનનું આયોજન થયેલ છે. જેમાં બી.એ.પી.એસ. અક્ષરધામ, ગાંધીનગરના મહંતશ્રી, સંત પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી પ્રવચનનો લાભ આપશે. આ પ્રવચનનો લાભ લેવા જનતાને ભાવભર્યું નિમંત્રણ છે.

હની ટ્રેપ: યુવતીની મદદથી ટ્રાવેલ્સ માલિકને ગાંધીનગર બોલાવીને લૂંટી લેવાયો

ગાંધીનગર બોલાવીને ટ્રાવેલ્સ માલિકને ભોયણ રાઠોડ ગામ પાસે લઈ જઈ યુવતીએ તેને ગેંગ બોલાવી અસલી રૂપ દેખાડ્યુ : ટ્રાવેલ્સ માલિકને ઢોર માર મારીને તેની પાસેથી ૧૨ હજાર રોકડા તથા ૯ લાખની કેટા ગાડી લૂંટી આખી ગેંગ રફૂચક્કર : પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરથી કલોલ તરફ જવાના રસ્તા પર આવેલાં ભોયણ રાઠોડ ગામ પાસે અવાવરું જગ્યાએ એક વિચિત્ર લૂંટની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. પ્રેમજાળમાં ફસાવીને યુવતીઓ દ્વારા તોડ કરવામા આવતા હોવાની હનીટ્રેપ તો ઘણી જોવા મળી છે. પરંતુ આ એક નવી મોડસ ઓપરેન્ડીની ગજબ હની ટ્રેપ બનવા પામી છે. ગોધરાના ટ્રાવેલ્સ માલિકને ગાંધીનગર બોલાવીને યુવતીએ તેની ગેંગ સાથે મળીને ટ્રાવેલ્સ માલિક પાસેથી રૂપિયા અને તેની ગાડી પણ લૂંટી લીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગાંધીનગર નજીક આવેલા ભોયણ રાઠોડ ગામની સીમમાં બનેલી આ ઘટના મામલે પેથાપુર પોલીસમથકમાં બે યુવતીઓ અને તેના ચાર સાગરીતો સહિત છ સભ્યોની ગેંગ સામે ગુનો દાખલ થવા પામ્યો છે. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને સમગ્ર ઘટનાની ઉંડી તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગોધરા ખાતે રહેતા બિજલભાઈ જોગાભાઈ ભરવાડ દાહોદ ખાતેની જય ગોપાલ ટ્રાવેલ્સના માલિક છે અને દાહોદ હાઈવે પર ખોડીયાર હોટલ ચલાવે છે. ૧૬ ડિસેમ્બરે તેઓ ટ્રાવેલ્સના કામ માટે દાહોદથી સાંજના સમયે અમદાવાદ આવવા નીકળ્યા હતા. તે સમયે તેમના પર ડિમ્પી ઉર્ફે દીપુ નામની એક યુવતીનો ફોન આવ્યો હતો અને અમદાવાદ મળવા બોલાવ્યા હતા. ડીમ્પી ઉજ્જૈન ખાતે દર્શન કરવા જતી તે સમયે બિજલભાઈની ખોડીયાર હોટલ ખાતે અવારનવાર પોતાના પરિવાર સાથે રોકાતી હતી. જેને પગલે બિજલભાઈ તે યુવતિના પરિચયમાં આવ્યા હતા. અવાર નવાર તેઓ ફોન પર વાત કરતા હતા. પરિચિત થઈ ગયા બાદ ડિમ્પીનો ફોન આવતા બિજલભાઈ અડાલજ કલોલ હાઈવે પર આવેલી બાપા સીતારામ હોટેલ ખાતે પહોંચ્યા હતા. તે સમયે ડિમ્પી અન્ય એક યુવતી સાથે આવી હતી. તેમની પાસે ચારેક વર્ષની બાળકી પણ હતી. ડિમ્પીએ અન્ય યુવતીને પોતાના મોટા બહેન ગીતાબહેન હોવાનું કહી તેમને કલોલ ખાતે મુકવા જવાની વાત કરી હતી. બિજલભાઈ બંનેને કારમાં બેસાડીને કલોલ તરફ નીકળ્યા હતા. કારમાં ડીમ્પી ફોન પર કોઈની સાથે વાતચીત કરી રહી હતી. રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં ભોયણ રાઠોડ ગામ આવતા ડીમ્પીએ કાર રોકવાનું કહ્યું હતું. બિજલભાઈ કાર ઉભી રાખીને નીચે ઉતર્યા ત્યારે ચારેક માણસોએ લાકડીઓ વડે માર મારવાનું શરૂ કરી દીધું હતું. બિજલભાઈ બુમાબુમ કરીને દોડવા લાગ્યા હતા. તેટલામાં તેમની ૯ લાખની કિંમતની કેટા કાર લઈને આખી ટોળકી ભાગી ગઈ હતી. કારમાં ૧૨ હજાર રૂપિયા રોકડા, આધારકાર્ડ, એટીએમ કાર્ડ, પાનકાર્ડ, ઓરિજનલ લાયસન્સ સહિત કારના તમામ દસ્તાવેજો હતા. ૧૬ ડિસેમ્બરે બનેલી ઘટનાને પગલે બિજલભાઈ ગભરાઈ ગયા હતા. બે દિવસ તેમણે પોતાની કારની શોધખોળ કરી હતી. ડીમ્પીને ફોન કરતાં તેનો મોબાઈલ પણ બંધ આવતા તેમણે ગઈ કાલે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પેથાપુર પોલીસે ચાંદખેડાની ડીમ્પી તથા ગીતા નામની યુવતી અને ચાર અજાણ્યા માણસો સહિત છ શખ્સો સામે આઈપીસીની કલમ ૩૯૫, ૩૨૩, ૫૦૪,૧૨૦-બી અને જીપી એક્ટની કમલ ૧૩૫ મુજબ ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

તાજેતરમાં ગુરૂકુળ વિદ્યાલયમાં ધોરણ-૯ અને ૧૦ ના ૧૨૫ જેટલા બાળકો માટે પોસ્ટલ વિભાગ દ્વારા આયોજિત ફિલાટેલીક વર્કશોપ યોજાયો હતો. ૫૫ વર્ષ થી ફિલાટેલિક શોખ ધરાવતા તત્કાલ નિવૃત માહિતી વિભાગના ચીફ ફોટોગ્રાફર કાંતિલાલ શર્મા દ્વારા યોજાયો આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. " **King of Hobby** " વિષય પર ફિલાટેલિક તમામ માહિતીથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ ગોરે કર્યું હતું. ગાંધીનગર જિલ્લાના હેડ પોસ્ટ સુપ્રીડેન્ટ સીસોદીયાસાહેબ, ડે. સુપ્રીડેન્ટ વ્યાસસાહેબ, નટવરભાઈ ગોલ અને દિપકભાઈ ગોર ઉપસ્થિત રહ્યા હતા તેઓ એ પણ પોસ્ટ ઓફિસ દ્વારા ફિલાટેલિક સુવિધાઓ અને આવનારી સેવાઓ વિષે બાળકોને વિસ્તૃત જાણકારી આપી હતી.

બાળકોને પેન અને સૌને પોતાનું પસંદગીનું ચિત્રકામ કરવા કાગળ આપ્યા હતા અને સારા ચિત્રોમાંથી પસંદગી પૂર્ણ ચિત્રોને ઈનામની પણ જાહેરાત કરવામાં આવી હતી.

'મેરી આવાઝ સુનો' સ્પર્ધાના વિજેતાઓને ૨૪મી ડિસેમ્બરે સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયો દ્વારા તા. ૧૬મી ડિસેમ્બરે વિના મૂલ્યે સંગીત સ્પર્ધા 'મેરી આવાઝ સુનો' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે હારીત દવે, કિરીટ અગ્રાવત તથા હરેશ ભટ્ટે સેવાઓ આપી હતી. આ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને આગામી તા. ૨૪મી ડિસેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે સે-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયો દ્વારા આયોજિત સ્વ. મોહમ્મદ રફીની જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમ દરમિયાન ટ્રોફી આપી સન્માનવામાં આવશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં તા. ૧૪-૧૨-૨૦૧૮ને શુક્રવારના રોજ બાલોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો-૧ થી ૮ની બાળાઓએ વિવિધ સ્પર્ધા જેવી કે અભિનય ગીત, વકતૃત્વ સ્પર્ધા, શ્રુતલેખન, યાદશકિત ચકાસણી, બર્થ ડે કાર્ડ, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું, શીઘ્ર વકતૃત્વ તથા અંતાક્ષરીમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. વિજેતા પામેલ બહેનોને શાળાના આચાર્યા નીરૂબેન પટેલે ઈનામ તથા સર્ટીફીકેટ આપી અભિનંદન પાઠવ્યા હતા.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની કાર્યશાળામાં કિશોર જીકાદરાનું ગઝલ પઠન યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે શ્રેણીબધ્ધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત આગામી તા. ૨૨મી ડિસેમ્બર શનિવારે ૧૫મી કાર્યશાળા બપોરે ૩ થી સાંજના ૫.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાશે. આ કાર્યશાળામાં પાટનગરના જાણીતા કવિ કિશોર જીકાદરા તેમની સ્વરચિત ગઝલોના પઠન સાથે ગઝલ વિશે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમનો લાભ લેવા શહેરના સાહિત્ય, ભાષા અને ગઝલરસિકોને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ' ઉજવશે

ગાંધીનગર, તા.૧૯

ડિસેમ્બર માસના ઉત્તરાર્ધ સાથે જ વર્ષ ૨૦૧૮ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકયો છે. આ સાથે જ શહેરની શૈક્ષણિક સંસ્થાઓના વાર્ષિકોત્સવ સહિત વિવિધ પ્રવૃત્તિ લક્ષી તથા પ્રતિભાલક્ષી આયોજનો હાથ ધરાઈ રહ્યા છે. આ સમયે ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર સ્થિત સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શિક્ષણ જગતને નવી રાહ ચીંધતા અનેરા ફેસ્ટિવલ 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ' તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બર બે દિવસ બપોરે ૩ થી સાંજના ૭ વાગ્યા સુધી સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉજવાશે. આ માટે બાળકો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન કહે છે ૨૧મી સદી જ્ઞાનની સદી છે. સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ આયોજિત 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ' ખિલવશે. 'લર્નો ફેસ્ટ' સ્વામિનારાયણ ધામ

લર્નો-ફેસ્ટ કાર્નિવલના આકર્ષણો

● એનીમલ વર્લ્ડ અન્ડર ધ સી ● થ્રી ડી સ્વીમીંગ પૂલ ● સ્માર્ટ સીટી ● મોડલ ઓફ ટ્રેન ● પપેટ શો એન્ડ મેજીક શો ● ગીફ્ટ સીટી ● જરની ઓફ લેગ્વેંજીસ ● મેગા કોમ્પ્યુટર ● લર્નિંગ થ્રુ સાયન્સ એન્ડ મેથ્સ ● ફનવર્લ્ડ એન્ડ મેગા કાઈટ ફ્લાયિંગ ● ફૂડ કોર્ટ

વિદ્યાર્થીઓને પુસ્તકીયા પટારામાંથી બહાર કાઢી જ્ઞાનના અસીમ સીમાડાઓનું દર્શન કરાવશે. 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ' એટલે જાણે દરેક બાળકની એક જ વાત કે 'મને આવડે છે ને.. મારે પણ કરવું છે' 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ' તમામ બાળકોને તેની અંતરંગ શકિતઓને બહાર કાઢી ઈન્ટરનેશનલ સ્કૂલની આગવી શિક્ષણ પ્રણાલીના અંગોરૂપ ૮'સી સ્પાર્ક, 'અન્ડર-૭-વન્ડર-૭' સ્માર્ટ સાયન્સ અને કોમર્સ પ્લસનું જીવંત પ્રતિબિંબ સાબિત થશે. લર્નો ફેસ્ટ કાર્નિવલમાં બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ વિષય આધારિત પ્રોજેકટસ મોડેલ્સની

હારમાળાનું પ્રદર્શન ઉપરાંત કલા-સંગીત-સાહિત્યની પ્રસ્તુતિ ઉપરાંત ફનવર્લ્ડ અને ફુડકોર્ટ જેવા આકર્ષણોનો સમાવેશ કરાયો છે. છેલ્લા એક માસથી બાળકો લર્નો-ફેસ્ટ કાર્નિવલની તૈયારીઓ કરી રહ્યા છે. લર્નો-ફેસ્ટ કાર્નિવલ સંસ્કૃતિ-સંસસ્કાર અને વિજ્ઞાનનો બાળકોએ તૈયાર કરેલ અદભૂત ત્રિવેણી સંગમ સમાન સાબિત થશે જે શહેરના દરેક નગરજનોને નિહાળવા માટે બપોરે ૩ થી સાંજના ૭ વાગ્યા સુધી નિઃશુલ્ક ખુલ્લો રહેશે.